**મહત્તમ : ૩૦.૦ ડીગ્રી**
**લઘુતમ : ૧૩.૬ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૫૯ ટકા ● સાંજે ૩૭ ટકા**

**ગાંધીનગર તાપમાન**

## ગાંધીનગર સમાચાર

# શહેરમાં વેલેન્ટાઈન-ડેની તૈયારીઓ પૂરજોશમાં

ગાંધીનગર, તા.૧૨

૧૪મી ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન-ડે. વેલેન્ટાઈન ડેને આડે એક જ દિવસ બાકી છે. યુવાનો અને પ્રેમી હૈયાઓ વેલેન્ટાઈન ડેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પ્રેમીઓ આ પ્રેમના ખાસ દિનની અનોખી ઉજવણી માટે પ્રિ-પ્લાનીંગ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરના બજાર હોટલ અને રેસ્ટોરન્ટ, ગાર્ડન તથા કલબમાં વિવિધ પ્રકારની તડામાર તૈયારીઓ થઈ રહી છે. શહેરની જાણીતી હોટલો અને કલબોએ વેલેન્ટાઈન-ડેને અનુલક્ષીને જાત જાતની ઓફરો અને વિશેષ પેકેજ આપવાની પણ તૈયારીઓ કરી દીધી છે.

ગાંધીનગર શહેરમાં ૧૪મી ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડેની ઉજવણીને લઈ પ્રેમી પંખીડાઓ અને યુવા હૈયાઓ પ્રેમના લાલ રંગમાં રંગાઈ જવા માટે થનગની રહ્યા છે.



યુવા હૈયાઓની થનગનાટ જોતા શહેરના હોટલ, રેસ્ટોરન્ટ અને પાર્ટી પ્લોટમાં વેપારી આયોજકોએ પણ તૈયારીઓ શરુ કરી દીધી છે. શહેરના મોટા ભાગની હોટલ-રેસ્ટોરન્ટ, ગીફટ આર્ટિકલ શોપ, નાના-મોટા પાર્ટી પ્લોટમાં વિશેષ પણે લાલ રંગનો ઉપયોગ કરી ભારે સજાવટ થઈ રહી છે. હોટલ-રેસ્ટોરન્ટના આયોજકો ડે તથા નાઈટના વિવિધ કાર્યક્રમ માટે પ્રિ-બુકીંગ પણ કરી રહ્યા છે. આ ઉપરાંત કપલ માટે સ્પે. મેનુ, કેન્ડલ લાઈટ ડિનર, મ્યુઝિક શો, ડાન્સ અને ડીજેનું પણ આયોજન થઈ રહ્યું છે. કપલને આકર્ષવા જાત જાતની ઓફર પણ આયોજકો કરી રહ્યા છે. કપલની સાથે આવનાર બાળકો માટે પણ નાઈટ ગેમ અને મોજ મસ્તીની વ્યવસ્થા કરાઈ છે. બીજી તરફ વેલેન્ટાઈન-ડે પર ફલોરીસ્ટો (ફુલના વેપારી) પણ વિવિધ હાર્ટ શેપના બુકે તથા ગુલાબ પણ દુકાનમાં સજાવી રહ્યા છે.

# સ્વાઈ ફલુના ટેસ્ટ માટેનું કરોડો રૂપીયાનું મશીન ધુળ ખાઈ રહ્યું છે

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુએ દેખા દીધી છે. ગાંધીનર સિવિલમાં સ્વાઈન ફલુને લઈ ખાસ વોર્ડ તેમજ ઓપીડી શરુ કરવામાં આવી છે. સ્વાઈન ફલુના ટેસ્ટ માટેનું મશીન બંધ હોવાને કારણે સ્વાઈન ફલુના ટેસ્ટ અન્ય જગ્યાએ કરાવાની ફરજ પડે છે. ત્યારે પાટનગરની સિવિલમાં જ આ હાલત છે તો અન્ય શહેરની હોસ્પિટલની વાત જ કયાં કરવી. ત્યારે સ્વાઈન ફલુના ટેસ્ટ ગાંધીનગર સિવિલમાં થાય તે માટે તંત્રએ કવાયત હાથ ધરવી પડશે.

સૌરાષ્ટ્ર બાદ હવે ગાંધીનગર સહિત ઉતર ગુજરાતમાં સ્વાઈન ફલુનો સકંજો મજબુત થઈ રહ્યો છે. સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યામાં દિવસે ને દિવસે વધારો થતો જાય છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં અઢી વર્ષની બાળકી સહિત બે મોત પણ સ્વાઈન ફલુના કારણે નોંધાયા છે તેમ છતા ગાંધીનગરસિવિલમાં સ્વાઈન ફલુનો ટેસ્ટ હજુ સુધી થતો નથી. આ અંગે મળતી માહિતી પ્રમાણે વીઆઈપીઓના કારણે ગાંધીનગરમાં એચવન એનવન ટેસ્ટ થાય તે માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મશીન આપવામાં આવ્યું હતું પરંતુ આ મશીનનો ઉપયોગ થાય તે પહેલા મશીન બગડી ગયું છે. અને છેલ્લા ઘણા વર્ષોથી તે વપરાયા વગરનું ધુળ ખાઈ રહ્યું છે. આ બાબત આરોગ્ય વિભાગની ટીમે લીધેલી મુલાકાત દરમિયાન પણ સિવિલ સત્તાધિશોના કાન આંબળ્યા હતા. અને તાત્કાલીક આ મશીન રીપેર કરાવીને દર્દીઓના હિતમાં અને અહીં ટેસ્ટ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ સુચના આપી હતી. ઉચ્ચ અધિકારીઓની અન્ય આદેશોની જેમ સુચનાનું પાલન કરવામાં આવ્યું ન હતું. જેના કારણે હાલની સ્થિતિએ ગાંધીનગર સિવિલમાં સ્વાઈન ફલુનો ટેસ્ટ થઈ શકતો નથી. એક બાજુ રાજય સરકાર આ અંગે સંવેદનશીલ હોવાનું જણાવીને તેના અવેરનેસ માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે. છતા બીજી બાજુ પાટનગરની સિવિલમાં જ બગડેલા મશીન અને ટ્રેઈન ટેકનીશીયનના અભાવે સ્વાઈન ફલુના ટેસ્ટ થતા નથી. જેના કારણે અહીના દર્દીઓના સેમ્પલ લઈને તેને અમદાવાદ તેમજ અન્ય સોલા સિવિલમાં મોકલવામાં આવે છે.

# નર્મદા-જળસંપતિ વિભાગની મદદનીશ ઈજનેરની પ્રતિક્ષા યાદી ના ખુલતા ઉમેદવારોમાં રોષ

ગુજરાત સરકારના નર્મદા-જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં અધિક મદદનીશ ઈજનેરની સીધી ભરતી કરવામાં આવી હતી. ભરતીમાં કુલ ૯૯ જગ્યાઓ પર ૨૦૧૮માં સફળ મદદનીશ ઈજનેરોને નિમણુંક આપવામાં આવી હતી. પરંતુ આ ૯૯ ઈજનેર પૈકી ૮ જેટલા નિમણુંક પ્રાપ્ત ઉમેદવારો ની જગ્યા ખાલી હોવા છતા વિભાગ દ્વારા લાંબા સમયથી કોઈ પણ પ્રકારનું વેઈટીંગ લીસ્ટ ખોલવામાં આવ્યું નથી. નિયમ મુજબ એક માસમાં જ વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવું જોઈએ, પરંતુ અધિકારીઓ ઉમેદવારોને એક વિભાગથી બીજા વિભાગની ખો આપી રહ્યા છે.

અધિક મદદનીશ ઈજનેર વેઈટીંગ લીસ્ટમાં નામ ધરાવતા જયવીરસિંહ ઝાલા ના જણાવ્યા મુજબ જાહેરાત ક્રમાક ૧૦૦-૨૦૧૬-૧૭ અધિક મદદનીશ ઈઝનેર (સિવીલ) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા, એ કલ્પસર વિભાગની ભરતી કુલ-૯૯ જગ્યા પર તા. ૧૧-૧૦-૧૯ ના રોજ નિમણુંક આપવામાં આવી હતી જેમાં પાંચ ઉમેદવારો તે દિવસે જ ગેરહાજર રહયા હતા. જેમાંથી કેટલાક ઉમેદવારોએ લેખિત પણ આપી દીધુ છે કે તેઓ આ નિમણુંક મેળવવા ઈચ્છુક નથી. તે ઉપરાંત નિમણુંક પામેલા ૩ ઉમેદવારો હાજર થયા નથી. જેને પગલે કુલ ૮ જગ્યા ઓ નિમણુંક ના એક માસમાં જ ખાલી જણાય છે. ભરતી પહેલા થી જ મોડી થઈ છે તેમજ નિમણુંક આપ્યાને પણ ૪ માસનો સમય વિતી ગયો છે. ત્યારે તંત્ર દ્વારા ઝડપથી વેઈટીંગ લીસ્ટના ઉમેદવારોને નિમણુંક આપવામાં આવે તેની રાહ ઉમેદવારો જોઈને બેઠા છે. ત્યારે આજે ઉમેદવારો એકઠા થઈને રાજયના મુખ્યમંત્રી તેમજ ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પાઠવી ઝડપી નિમણુંક આપવામાં આવે તે માટે રજુઆત કરી છે.

## આજે રાયફલ શુટીંગ ટ્રેનિંગ કેન્દ્રનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં સારથી રાયફલ શુટીંગ એકેડેમી દ્વારા ૧૩ ફેબ્રુઆરીએ સવારે ૧૦.૩૦ કલાકે સીલીકોન વેલી, કુડાસણ ખાતે ગાંધીનગરના પહેલા રાયફલ શુટીંગ ટ્રેનીંગ સેન્ટરનું ઉદઘાટન યોજાશે. જેમાં જિલ્લાના સનદી અધિકારી હનુમંતસિંહ જાડેજા અને આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલર શશીરંજન યાદવ ઉપસ્થિત રહેશે.




ગાંધીનગરમાં રાંધણ ગેસ પાઈપલાઈન દ્વારા પુરો પાડતી કંપની ગુજરાત ગેસ કંપનીની સ્થાપનાને ૧૪ વર્ષ પૂર્ણ થવા પામ્યા છે. આ પ્રસંગે કંપની દ્વારા 'ગેસ ડે' ઉજવાયો હતો. ગેસ ડેની ઉજવણી માટે કંપનીના સેકટર-૫ ખાતેના કાર્યાલયને રંગબેરંગી ફુગ્ગા તથા અન્ય સજાવટ વડે સજાવવામાં આવ્યું હતું તથા કર્મચારીઓ દ્વારા ઓફિસમાં ઉજવણીની પાર્ટી પણ યોજવામાં આવી હતી.

## આજે સે-૫-સી ખોડિયાર મંદિરમાં માતાજીના જન્મોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

આઈશ્રી ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૫-સી ખાતે આવેલ ખોડિયારમાના મંદિરમાં ૧૩મી ફેબ્રુઆરીના દિવસે માતાજીનો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સવારે ૭ કલાકે મંગળ આરતી, ૯ કલાકે યજ્ઞ અને સાંજે ૪ કલાકે શ્રીફળ હોમાશે રાત્રે ૭ કલાકે મહાઆરતી થશે.

આ ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી શિવદાન ગઢવી, નરહરદાન ગઢવી, ભિમદાન ગઢવી, આદિત્ય ગઢવી, વિશાલ ગઢવી, ભરતદાન ગઢવી જેવા નામાંકિત કલાકારો દ્વારા ભવ્ય લોકડાયરો રજૂ કરવામાં આવશે.




કર્મ કેળવણી ટ્રસ્ટ, વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ તથા ઈગલ ન્યુઝ ગાંધીનગર દ્વારા ૧૨મી ફેબ્રુઆરીના દિવસે ગાંધીનગર ખાતે બાઈક શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના વિદ્યાર્થીઓએ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં ટેબ્લો દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત સ્ત્રી સશકિતકરણ પ્રોગ્રામ કરી ઈનામ વિતરણ દ્વારા દીકરીઓને પ્રોત્સાહિત કરી અલગ અલગ ગામોમાં શેરી નાટકો પ્રદર્શિત કરીને સમાજને દીકરીઓ માટેનો ઉમદા સંદેશ પહોંચાડયો હતો.

# તસ્કર ટોળકીએ રાયસણ ગામમાં તાંડવ કર્યો

**વેરાઈ માતાના મંદિરમાં ઘૂસીને તસ્કરોએ અંદરથી આભૂષણો તથા દાનમાં આવેલા રૂપિયાની ચોરી કરી : ગામનાં બે દવાખાનાઓના પણ તાળાં તોડયા : ત્રણ બુકાનીધારી ચોરો મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ : રૂ.૧.૮૫ લાખની મત્તાની ચોરીની ફરીયાદ**

ગાંધીનગર, તા.૧૨

એક દિવસે ગાંધીનગર શહેરમાં તો બીજા દિવસે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં તસ્કરો તાળા તોડી રહ્યા છે ને બીજી બાજુ પોલીસ આ તસ્કર ટોળકીને પકડવા માટે સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવ્યા સિવાય કંઈ ખાસ ઉકાળી શકી નથી. રાત્રી દરમિયાન ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આવેલા રાયસણ ગામમાં તસ્કર ટોળકીએ તાંડવ કર્યો હતો. ગામનું એક મોટું મંદિર તથા બબ્બે દવાખાનાઓના તાળા તોડી તસ્કરો ફરાર થઈ ગયા તેમ છતાં નાઈટ પેટ્રોલિંગ કરતી પોલીસને ખબર પણ પડવા ન દીધી તે બાબતને તસ્કરોની ચબરાકી ગણવી કે પોલીસની નબળાઈ તે સમજાતું નથી. રાયસણ ગામના વેરાઈ માતાના મંદિરમાં ઘૂસીને તસ્કરો અંદરથી આભૂષણો તથા દાનપેટીની રકમ મળી પોણા બે લાખથી વધુ કિંમતની મતાની ચોરી કરીને રફુચક્કર થઈ ગયા હતા. તે ઉપરાંત ગામના બે દવાખાનાઓનાં તાળા તોડયા પરંતુ તેમાથી તસ્કરોને હાથ લાગ્યું ન હતું. મંદિરમાં થયેલી ચોરી મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને મંદિરમાં લાગેલા કેમેરા તપાસતા ત્રણ બુકાનીધારી તસ્કરોએ કેમેરામાં કેદ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ આરંભી છે.

મળતી વિગત મુજબ ન્યુ ગાંધીનગરનાં કોબા પાસે આવેલા રાયસણ ગામે વેરાઈ માતાજીના મંદિરના પુજારી આજે સવારે સાત વાગ્યે મંદિરે પહોંચ્યા ત્યારે તેમના ધ્યાને આવ્યુ હતુ કે મંદિરના મુખ્ય દરવાજાને મારેલુ ઈન્ટરલોક તૂટેલું પડ્યુ હતું. જેને પગલે પૂજારીએ ગ્રામજનો તથા મંદિરનાં વહિવટકર્તાઓને જાણ કરતાં ગ્રામજનો અને મંદિરના વહીવટકર્તા મંદિરે દોડી આવ્યા હતા. અંદર જઈને તપાસ કરતાં મંદિરમાંથી નાના-મોટી ચાંદીના ૧૦ છત્તર, ચરણ પાદુકાની જોડ, કેડ કંદોરો, સોનાનો દોરો તથા દાન પેટીમાં પડેલાં રોકડા ૧૦ હજાર રૂપિયા ગાયબ હતા. આ ઘટનાને પગલે મંદિરના વહીવટકર્તા ભરતભાઈ ડાહ્યાભાઈ પટેલની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધીને મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવ્યા છે. તે ઉપરાંત ફિંગરપ્રીન્ટ નિષ્ણાંત અને ડોગ સ્કવોર્ડની મદદ લઈ પોલીસે બારીકાઈથી તપાસ શરૂ કરી છે. મંદિરના સીસીટીવી ફુટેજમાં ત્રણ તસ્કરો નજરે પડી રહ્યાં છે જેમણે મોં પર રૂમાલ બાંધેલો હોવાથી તેમના ચહેરો ઓળખવો મુશ્કેલ છે. તે ઉપરાંત ગામમાં જ આવેલા ગાયત્રી કિલનીક અને અન્ય એક દવાખાનુ મળીને બે દવાખાનાઓના તાળા પણ તુટેલા હતા. જો કે તેમાંથી કંઈ ચોરાયુ ન હતુ.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજ સે-૬ની સરકારી શાળાના સંકુલમાં સાંજે ૩.૩૦ કલાકે યોજવામાં આવશે. સભામાં વિવિધ હોદ્દેદારોની નિમણુંક તથા વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવશે. સંસ્થા દ્વારા તમામ ટ્રસ્ટી અને સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

## સ્મિત ઠક્કર તેમજ વૈભવરાજ કુંપાવતને બ્લેક બેલ્ટની ડિગ્રી એનાયત કરાઈ



તાજેતરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. લલિતકલા અકેડેમી અને મમતા સ્પોર્ટસ્ સેન્ટર દ્વારા ગાંધીનગર ખાતે કરાટે બ્લેક એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

૬ વર્ષની કઠીન સાધના બાદ સ્મિત ઠક્કર તેમજ વૈભવરાજ કુંપાવતને બ્લેક બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. આ બંને બાળકોએ ખૂબ જ નાની વયે આ સિધ્ધિ હાંસલ કરેલ છે.

કાર્યક્રમમાં તેઓએ કરાટેની વિવિધ ટેકનીકો રજૂ કરી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરેલ. આ કાર્યક્રમમાં અન્ય બાળકોને પણ વિવિધ બેલ્ટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ ડૉ. સોમભાઈ પટેલ, મુખ્ય મહેમાન રાજયોગિની શ્રી કૈલાશ દીદી ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્બોદન કરેલ.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના શ્રીમતી દિનાબેન ડોડીયા, રેનચી શ્રી સેલ્વાકુમાર સહિત સ્ટાફ મિત્રોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગરમાં વૃક્ષો બચાવવા ૧૬મીએ કેન્ડલ માર્ચ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં લાખોની સંખ્યામાં લીલાછમ વૃક્ષોનું નિકંદન વિકાસના નામે કરવામાં આવી રહ્યું છે જેને લઈ પર્યાવરણપ્રેમીઓ ભારે નારાજગી વ્યકત કરી રહ્યા છે. ગાંધીનગર-અમદાવાદના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા સેવ ટ્રી મુવમેન્ટ હેઠળ ગાંધીનગરના ઘ-૪ સ્વર્ણિમ પાર્ક ખાતે ૧૬મી ફેબ્રુઆરીએ કેન્ડલમાર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર-અમદાવાદને જોડતા ઉત્તર ગુજરાતના મોટા ભાગના હાઈ-વે ને સરકાર સીકલસેન બનાવી રહી છે. વિકાસ થાય તે જરૂરી છે પરંતુ કુદરતી સંપત્તિને મોટા પાયે નુકશાન કરી જે વિકાસ થઈ રહ્યા છે તેને લઈ પર્યાવરણ પ્રેમીઓ નારાજ થઈ રહ્યા છે.

રાજય સરકાર દ્વારા માર્ગોના વિકાસના નામે ગાંધીનગર શહેરની આસપાસમાં ૨૦,૦૦૦ તથા ઉત્તર ગુજરાતમાં ૪.૫ લાખ વૃક્ષોનું ખુલ્લેઆમ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. જેની સામે ગાંધીનગર-અમદાવાદના પર્યાવરણ પ્રેમીઓએ ભારે રોષ વ્યકત કર્યો છે અને લીલાછમ વૃક્ષોની હત્યા રોકવા માટે સામે લડત આપવાનું નક્કી કર્યું છે. આ પર્યાવરણ પ્રમીઓ દ્વારા 'વૃક્ષોની હત્યા રોકવા ચાલો ગાંધીનગર' ના નારા સાથે ગાંધીનગરમાં ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૯ને શનિવારે સાંજે ૬ કલાકે, ઘ-૪ સરદાર પટેલ સ્ટેચ્યુ, સ્વર્ણિમ પાર્ક ગાંધીનગર ખાતે કેન્ડલ માર્ચનું આયોજન કરાયું છે. આયોજકોએ પર્યાવરણ પ્રેમી જનતાને આ કાર્યક્રમમાં પધારવા ખાસ અનુરોધ કર્યો છે.

## મુંબઈના બેસ્ટ ડિઝાઈનરે આઈએનઆઈએફડીની મુલાકાત લીધી




ગાંધીનગર, તા.૧૨

આઈએનઆઈએફડી ગાંધીનગર ખાતે ઈન્ટિરિયર ડિઝાઈનના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય ડિઝાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુંબઈના બેસ્ટ આર્કિટેક્ટ ડિઝાઈનર મંગેશ જાધવ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૩૫થી વધુ વિદ્યાર્થીઓએ તેમની પાસેથી જુદા જુદા ડિઝાઈન વિષેની માહિતી મેળવી હતી અને વર્કશોપ દરમિયાન ડિઝાઈન તૈયાર કર્યા હતા.

આ વર્કશોપમાં પેપર કટિંગ ઈક્વલી ઈન્ફિનિટી ટાઈમ ટેક્નિક, ગુંદરનો ઉપયોગ કર્યા વિના પેપર બુકલેટ બનાવવી, ફર્નિચરમાં ડિઝાઈન ડેવલપમેન્ટ, ફેરોસ સિમેન્ટની જેમ સામગ્રીનો પરિચય અને ડિઝાઈનમાં સ્કેચિંગના મહત્ત્વ વિષે વિદ્યાર્થીઓને આ વર્કશોપ માં શીખવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ બેડરૂમની અંદરનું ઈન્ટિરિયર ડિઝાઈન કર્યું હતું જેમાં ટેબલ - ખુરશ, ડાઈનિંગ ટેબલ, સોફા, બેડ જેવી કુલ ૧૩ ડિઝાઈન બનાવવામાં આવી હતી.

## નારદીપુર ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

કોલવડા આયુર્વેદ કોલેજ દ્વારા ૧૫ ફેબ્રુઆરી શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે દુધસાગર ડેરી, નારદીપુર ખાતે સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કાયચિકિત્સા, પંચકર્મ, સ્ત્રીરોગ-પ્રસુતિતંત્ર, બાળરોગ, સર્જરી, આંખ-કાન-નાક, ગળા તથા દાંતના રોગો, અગ્નિકર્મ, બાલપ્રાશન, સ્થૌલ્ય જેવા રોગો વિશે માર્ગદર્શન, વાંસતિક વિષે માર્ગદર્શન અને અમૃતપેય એટલે કે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. જેમાં સંસ્થાના આરએમઓ ડૉ. પંકજભાઈ પટેલ તથા નારદીપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ વાઘેલા નરેન્દ્રસિંહ જશુજી વિશેષ સહકાર આપશે.

# સતત પડી રહેલી ઠંડીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

**ગાંધીનગર ઉપરાંત વાવોલ, કુડાસણ સહિતના ગુડા વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ : સાંજના સમયથી ઘરમાં ભરાઈ જતા મચ્છરોના ઝુંડથી રહીશો ત્રસ્ત**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં આ વર્ષે શિયાળામાં રેકોર્ડ બ્રેક ઠંડી પડવા પામી છે અને સતત ઠંડીના વાતાવરણને કારણે શહેરમાં તથા આસપાસના ગુડા વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી જવા પામ્યો છે. સાંજના સમયથી મચ્છરોના ધાડેધાડા ઘરમાં ઘુસી જાય છે. તેમજ સવારના સમયે પણ ઘરના દરવાજા, બારી બારણા સહિત મકાનોના ખૂણે ખાંચરે અને બાથરૂમ-ટોયલેટસમાં અસંખ્ય મચ્છરો જોવા મળે છે જેના કારણે રોગચાળો ફેલાવાનો ખતરો પેદા થવા પામ્યો છે. આ સમસ્યા ગાંધીનગર ઉપરાંત વાવોલ, કુડાસણ, સરગાસણ સહિતના મોટાભાગના વિસ્તારોમાં જોવા મળી રહી છે.

શહેરમાં એક તરફ સ્વાઈન ફલુના શંકાસ્પદ કેસો હોવાની પરિસ્થિતિ જોવા મળી રહી છે જયારે બીજી તરફ શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ એટલી હદે વધ્યો છે કે આ પ્રકારના મચ્છરજન્ય રોગો વધુ ફેલાવાની પુરેપુરી શકયતા છે. શહેરમાં ખાસ કરીને નવા બાંધકામો તેમજ ખંડેર ઈમારતોમાં તો મચ્છરનો ઉપદ્રવ વધુ જોવા મળે જ છે પરંતુ તે સાથે શહેરની આસપાસના વિસ્તારોમાં પણ મચ્છરોનો ઉપદ્રવ ખૂબ વધવા પામ્યો છે. ખાસ કરીને ફલેટ તથા અન્ય રહેણાંક મકાનોમાં જયાં સૂર્યપ્રકાશ ઓછો આવે છે તે તરફના ભાગોમાં મચ્છરનો ઉપદ્રવ ખૂબ વધી જવા પામ્યો છે. સાંજના સમયથી આ મચ્છરો મકાનોના બંધ બારી બારણા પર અડિંગા જમાવે છે અને બાથરૂમ ટોયલેટસની બારીમાંથી તેમાં ઘુસી જાય છે. આખી રાત આ મચ્છરોના કરડવા તેમજ ગણગણાટથી રહીશોની ઉંઘ હરામ થઈ રહી છે અને રહીશોને ફરજીયાત મચ્છરો ભગાડવા મચ્છર અગરબત્તી, ઈલેકટ્રિક મશીનો અથવા મચ્છર મારવાના રેકેટસનો ઉપયોગ કરવો પડે છે પરંતુ આ ઉપાયોથી આંશિક સફળતા જ મળે છે. કેટલાક રહીશો તો ઘરમાં લીમડાનો ધુમાડો અથવા ગુગળનો ધૂપ કરવાની જૂની પધ્ધતિ પણ અપનાવી રહ્યા છે. સતત વધતા જતા મચ્છરોના ઉપદ્રવને ફોગીંગ અથવા દવા છંટકાવ કરીને સત્વરે નિયંત્રણમાં લેવાય તેવી માંગ ઉઠવા પામી રહી છે.

### મચ્છર ભગાડવાના મોટા ભાગના ઉપાયો બેઅસર

મચ્છરોનો ઉપદ્રવ એટલો વધુ છે કે રહીશો મચ્છરોને ભગાડવાની અગરબત્તી, ઈલેકટ્રીકમ મશીન, રેકેટ ઉપરાંત લીમડા-ગુગળના ધુમાડા કે મચ્છર વિરોધી ક્રીમ જેવા ઉપાયો કરે છે તે પણ બેઅસર સાબિત થઈ રહ્યા છે. આ સંજોગોમાં તંત્ર દ્વારા સતત ફોગીંગ કરાય તેમજ મચ્છરનાશક દવા છંટકાવ કરવા ઉપરાંત મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં લેવાના પગલાં લેવાય તે અત્યંત આવશ્યક બન્યું છે.

## ચિરવિદાય

- સ્વ. કિટુસિંહ પુરણસિંહ ચૌહાણ, ઉ.વ. ૪૯
- સ્વ. ચંદુભાઈ શિવરામ ઠાકર, ઉ.વ. ૮૧
- સ્વ. પ્રહલાદભાઈ આત્મારામદાસપટેલ, ઉ.વ. ૭૯